વિશ્વભરમાં એક્સ ડાઉન: આ સપ્તાહમાં બીજી વખત સમસ્યા

ભારત સહિત અનેક દેશોમાં યુઝરોને મુશ્કેલી

લંડન, તા. ૧૬: X, જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું હતું, આ અઠવાડિયામાં બીજી વખત વૈશ્વિક આઉટેજનો સામનો કરી રહ્યું છે, જેના કારણે ભારત, યુએસ અને યુરોપના કેટલાક ભાગો સહિત અનેક પ્રદેશોમાં યુઝર્સ પ્રભાવિત થયા છે. આઉટેજ-ટ્રેકિંગ પ્લેટફોર્મ્સના ડેટા અનુસાર, 16 જાન્યુઆરીના રોજ ભારતીય સમય અનુસાર સવારે 6:43 વાગ્યે યુઝર્સની ફરિયાદોમાં તીવ્ર વધારો થયો હતો, જે પ્લેટફોર્મની સેવાઓમાં વ્યાપક વિક્ષેપ તરફ નિર્દેશ કરે છે.

યુઝર્સને X એક્સેસ કરવામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી સામાન્ય સમસ્યામાં મોબાઈલ એપ યોગ્ય રીતે લોડ ન થવી, ખાલી સ્ક્રીન દેખાવી અથવા સતત લોડિંગ થવાનો સમાવેશ થાય છે. વેબસાઈટ એક્સેસ પણ પ્રભાવિત થઈ છે, અને ઘણા યુઝર્સ ડેસ્કટોપ બ્રાઉઝર પર X ખોલી શકતા નથી. ટાઈમલાઈનને લગતી સમસ્યાઓ પણ નોંધાઈ છે, જેમાં ફીડ રિફ્રેશ થતી નથી અથવા નવી પોસ્ટ્સ દેખાતી નથી. કેટલાક યુઝર્સ માટે ટ્વીટ અને રિપ્લાય કરવાનું મુશ્કેલ બન્યું છે, જ્યારે અન્ય લોકો અચાનક લોગ-આઉટ થઈ ગયા હોવાની અને ફરી લોગિન કરવામાં નિષ્ફળ જવાની ફરિયાદ કરી રહ્યા છે. આ સમસ્યાઓ એપ અને વેબ બંને વર્ઝનમાં જોવા મળી રહી છે. અત્યાર સુધી X દ્વારા આ આઉટેજ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી કે આ સમસ્યાનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. સેવાઓ ક્યારે પૂર્વવત થશે તે અંગે પણ કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

'અલ ફલાહ યુનિવર્સિટી'ની 140 કરોડની સંપત્તિ જપ્ત

ફરીદાબાદમાં 54 એકર જમીન અને હોસ્ટેલ સહિતની ઇમારતો ટાંચમાં

અલ-ફલાહ ગ્રુપના અધ્યક્ષ અને ટ્રસ્ટ વિરુદ્ધ ખાસ પીએમએલએ કોર્ટમાં આરોપનામુ દાખલ કરાયું

આ યુનિવર્સિટીનો વહીવટ હવે રિસિવર સંભાળે તેવી વકી

નવી દિલ્હી, ૧૬ જાન્યુઆરી (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ શુક્રવારે હરિયાણા સ્થિત 'અલ ફલાહ યુનિવર્સિટી'ની આશરે ૧૪૦ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. ૧૦ નવેમ્બરે લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા વિસ્ફોટ બાદ આ યુનિવર્સિટી સુરક્ષા એજન્સીઓના રડારમાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મામલે અલ ફલાહ ગ્રુપના ચેરમેન જવાદ સિદ્દીકી અને તેમના ટ્રસ્ટ વિરુદ્ધ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે. ફરીદાબાદના ધૌજ વિસ્તારમાં આવેલી યુનિવર્સિટીની ૫૪ એકર જમીન, યુનિવર્સિટીની ઇમારતો, વિવિધ શાળાઓ, વિભાગો અને હોસ્ટેલને મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ જારી કરાયેલા કામચલાઉ આદેશના ભાગરૂપે જપ્ત કરવામાં આવી છે. PTIએ આ સપ્તાહની શરૂઆતમાં જ અહેવાલ આપ્યો હતો કે ED 'અલ ફલાહ ટ્રસ્ટ'ની માલિકીની આ મિલકતોને ગુનાની કમાણી ગણાવીને જપ્ત કરવાની તૈયારીમાં છે. સિદ્દીકીની નવેમ્બરમાં ED દ્વારા મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર આરોપ છે કે તેમણે પોતાના ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરી હતી. એજન્સીએ દાવો કર્યો હતો કે આ શૈક્ષણિક સંસ્થાઓ પાસે શિક્ષણ માટે જરૂરી માન્યતા નહોતી. ટાંચમાં લેવાયેલી મિલકતોની કિંમત રૂ. ૧૩૯.૯૭ કરોડ હોવાનું ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ગ્રુપના અધ્યક્ષ પર આરોપ છે કે તેમણે સંસ્થા માટેના રૂ. ૧૧૦ કરોડ તેમની કંપનીઓ તરફ વાળવામાં આવી હતી. વિશેષ PMLA કોર્ટમાં સિદ્દીકી અને અલ ફલાહ ટ્રસ્ટ વિરુદ્ધ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે બંનેને આરોપી તરીકે રજૂ કરવામાં આવ્યા છે અને EDએ એન્ટી-મની લોન્ડરિંગ કાયદા હેઠળ તેમની સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. PMLA હેઠળ સંપત્તિ એટલા માટે ટાંચમાં લેવામાં આવે છે જેથી ગુના દ્વારા મેળવેલી રકમનો નિકાલ ન કરી શકાય અથવા તેને વેચી ન શકાય. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જપ્તીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા નિયુક્ત 'રીસીવર' યુનિવર્સિટી કેમ્પસનો વહીવટ સંભાળી શકે છે. આ રીતે, કાર્યવાહી ચાલુ રહેવા છતાં વિદ્યાર્થીઓના શિક્ષણને નુકસાન થશે નહીં.

જલ્લીકટ્ટુમાં રસાકસી: માત્ર એક આખલાના તફાવતથી ચેમ્પિયન

૧૭ આખલા નાથનાર અજીતે કાર જીતી, ૧૬ આખલા સાથે પ્રભાકરન બીજા ક્રમે રહ્યો

મદુરાઈ, તા. 16 અહીં નજીક આવેલા પાલમેડુ ખાતે પરંપરાગત રમત 'જલ્લીકટ્ટુ' નો બીજો દિવસ શુક્રવારે સંપન્ન થયો હતો. આ રસાકસી ભરી હરીફાઈમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીએ ૧૭ આખલાઓને વશ કર્યા હતા, જ્યારે રનર-અપ રહેલા ખેલાડીએ ૧૬ આખલાઓને નાથ્યા હતા.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારની આ ઈવેન્ટમાં ઓછામાં ઓછા ૩૭ લોકો ઘાયલ થયા છે, જેમાં આખલાને નાથનારાઓ, માલિકો અને કેટલાક દર્શકોનો સમાવેશ થાય છે. ગંભીર રીતે ઘાયલ થયેલા આઠ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, હજુ સુધી આ અંગે સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, પોન્થુગમપટ્ટીના અજીત, જેમણે ૧૭ આખલાઓને નાથ્યા હતા, તેમને ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યા હતા. પાલમેડુના સ્ટાર ખેલાડી પોદુમ્બુ પ્રભાકરને ૧૬ આખલાઓને નાથી બીજું સ્થાન મેળવ્યું હતું.

રાજ્ય સરકાર વતી અજીતને કાર એનાયત કરવામાં આવી હતી, જ્યારે પ્રભાકરનને મોટરસાઈકલ ભેટમાં મળી હતી. કુલમંગલમના શ્રીધરના આખલાને દિવસનો સર્વશ્રેષ્ઠ આખલો જાહેર કરવામાં આવ્યો હતો, જેના માલિકે ટ્રેક્ટર જીત્યું હતું. કેકુરિચીના તમિલારસનનો આખલો બીજા ક્રમે રહ્યો હતો, જેમને ઈનામમાં દેશી ગાય અને વાછરડું મળ્યું હતું.

ભારતે ઈરાનના ચાબહાર પોર્ટ પર કામ બંધ કર્યું: અમેરિકાના દબાણનું પરિણામ

આ બંદરનું કામ સંભાળતા આઇપીજીએલના ડિરેક્ટરોના રાજીનામા, વેબસાઇટ બંધ

વિદેશ મંત્રાલય જો કે કહે છે કે આ બાબતે અમેરિકા સાથે વાતચીત ચાલુ

નવી દિલ્હી, તા. ૧૬: ભારતે ઈરાનના ચાબહાર બંદર પર પોતાનું કામકાજ બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે. ઈરાન સાથે ધંધો કરનાર દેશો પર ૨૫ ટકા ટેરિફ લાદવાની અમેરિકાની ધમકી અને દબાણો પછી આ નિર્ણય આવ્યો છે. ભારતનો ઈરાન સાથે વર્ષ ૨૦૨૪માં દસ વર્ષનો કરાર થયો હતો

જે મુજબ ચાબહાર બંદરનું શાહીદ બેહેશ્તી ટર્મિનલ ભારતના ઈન્ડિયા પોર્ટ ગ્લોબલ લિમિટેડ(આઈપીજીએલ) ને ચલાવવાનો ઠેકો મળ્યો હતો. IPGLના ડાયરેક્ટરોએ રાજીનામુ આપી દીધું છે અને કંપનીની વેબસાઈટ બંધ કરી દેવાઈ છે જેથી આ કંપની સાથે સંકળાયેલા લોકો અમેરિકાના પ્રતિબંધોથી બચી શકે. વિપક્ષો આ મુદ્દે સરકારની ટીકા કરી રહ્યા છે કે તે અમેરિકા સામે ઝુકી ગઈ છે તો ટેકેદારો કહે છે કે અર્થતંત્રને બચાવવા માટે આ વ્યવહારિક પગલું છે કારણ કે અમેરિકા સાથે આપણો વેપાર ઘણો મોટો છે.

હવે ગ્રીનલેન્ડના મુદ્દે ટેકો નહીં આપનારા દેશોને ટ્રમ્પની ટેરિફની ધમકી!

જે દેશો આ મુદ્દે અમેરિકાને ટેકો નહીં આપે તેમના પર નવા ટેરિફ ઝિંકાઇ શકે

કોપનહેગન, તા. ૧૬(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે સંકેત આપ્યો હતો કે જો અન્ય દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકાના નિયંત્રણનું સમર્થન નહીં કરે, તો તેઓ તેમના પર ટેરિફ (આયાત જકાત) લાદીને તેમને સજા કરી શકે છે. ટ્રમ્પનો આ સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકી કોંગ્રેસનું એક દ્વિપક્ષીય પ્રતિનિધિમંડળ ડેનમાર્કની રાજધાનીમાં તણાવ ઓછો કરવાના પ્રયાસો કરી રહ્યું હતું.

ટ્રમ્પ છેલ્લા કેટલાક મહિનાઓથી આગ્રહ કરી રહ્યા છે કે ગ્રીનલેન્ડ પર અમેરિકાનું નિયંત્રણ હોવું જોઈએ. ગ્રીનલેન્ડ એ નાટો (NATO) સાથી દેશ ડેનમાર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ

છે. આ અઠવાડિયાની શરૂઆતમાં તેમણે કહ્યું હતું કે, આ આર્કટિક ટાપુ અમેરિકાના હાથમાં ન હોય તે બાબત અસ્વીકાર્ય ગણાશે. શુક્રવારે વ્હાઇટ હાઉસ ખાતે ગ્રામીણ આરોગ્ય સેવાઓ અંગેના એક કાર્યક્રમ દરમિયાન, તેમણે યાદ કર્યું હતું કે કેવી રીતે તેમણે અગાઉ યુરોપિયન સાથી દેશોને ફાર્માસ્યુટિકલ્સ (દવાઓ) પર ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે, હું ગ્રીનલેન્ડ માટે પણ આવું કરી શકું છું. જો દેશો ગ્રીનલેન્ડના મુદ્દે સહમત નહીં થાય, તો હું તેમના પર ટેરિફ લાદી શકું છું, કારણ કે રાષ્ટ્રીય સુરક્ષા માટે આપણને ગ્રીનલેન્ડની જરૂર છે. તેથી હું કદાચ તેમ કરીશ. નોંધનીય છે કે, આ મુદ્દાને મનાવવા માટે ટેરિફનો ઉપયોગ કરવાની વાત તેમણે અગાઉ ક્યારેય કરી ન હતી.

પેજ 3

પતિ સિદ્ધાર્થના બર્થડે પર કિયારા સિંગર બની

મુંબઇ, તા. ૧૬: એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રા આજે પોતાનો 41મો જન્મદિવસ મનાવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે તેની પત્ની અને અભિનેત્રી કિયારા અડવાણીએ સોશિયલ મીડિયા દ્વારા તેને ખૂબ જ પ્રેમભર્યા અંદાજમાં જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. કિયારાએ ઇન્સ્ટાગ્રામ પર પતિ માટે એક પોસ્ટ શેર કરીને તેના જન્મદિવસને વધુ ખાસ બનાવી દીધો છે. કિયારાએ પોસ્ટની સાથે એક ઇમોશનલ અને ક્યૂટ કેપ્શન લખ્યું છે. તેણે લખ્યું, "સરાયાહના ફેવરિટ હ્યુમન અને અંદર-બહારથી સૌથી સુંદર વ્યક્તિ. તું આજે પણ મારો ક્રશ છે. હવે આપણી નાની બાળકી પણ તારા પર ફિદા છે. હેપ્પી બર્થડે, હસબન્ડ." કિયારાએ પોતાની પુત્રીનું નામ સરાયાહ હોવાનો પણ સંકેત આપી દીધો છે.

મિલકત વિવાદ: સુપ્રીમે કરિશ્મા કપૂરનો જવાબ માગ્યો

નવી દિલ્હી, તા. 16 (PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રિયા સચદેવ કપૂરની અરજી પર કરિશ્મા કપૂરનો જવાબ માંગ્યો છે. પ્રિયા સચદેવે વર્ષ 2016માં તેના દિવંગત પતિ સંજય કપૂર અને બોલિવૂડ અભિનેત્રી વચ્ચે સુપ્રીમ કોર્ટમાં થયેલા છૂટાછેડાના સમાધાનની પ્રમાણિત નકલ મેળવવા માટે આ અરજી કરી છે. આ ઘટનાક્રમ એટલા માટે મહત્વનો માનવામાં આવે છે કારણ કે ઉદ્યોગપતિ સંજય કપૂરના વિધવા પ્રિયા સચદેવ કપૂર હાલ દિલ્હી હાઈકોર્ટમાં કાનૂની લડાઈ લડી રહ્યા છે. સપ્ટેમ્બરમાં, કરિશ્મા કપૂરના બે બાળકોએ તેમના દિવંગત પિતા સંજય કપૂરની મિલકતોમાં હિસ્સો મેળવવા માટે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. તેમણે સંજય કપૂરની 21 માર્ચ, 2025 ની વસિયતને પડકારી છે, જેમાં કથિત રીતે તેમની તમામ અંગત મિલકત તેમની સાવકી માતા પ્રિયા સચદેવ કપૂરને આપવાનું જણાવાયું છે. શુક્રવારે જસ્ટિસ એ.એસ. ચંદુરકરની બેન્ચે પ્રિયા સચદેવ કપૂરની અરજી પર ચેમ્બરમાં સુનાવણી હાથ ધરી હતી અને સૂત્રોના જણાવ્યા અનુસાર, કરિશ્મા કપૂર પાસે બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

એ. આર. રહેમાને બોલીવુડમાં કોમવાદ પ્રવેશ્યો હોવાનું કહ્યું

છાવા ફિલ્મને વિભાજનકારી ગણાવી

મુંબઇ, તા. ૧૬: સંગીતકાર એ.આર. રહેમાન માટે વર્ષ ૨૦૨૫ ખૂબ જ વ્યસ્ત રહ્યું છે અને તેમણે આ વર્ષની શાનદાર શરૂઆત 'ગાંધી વાર્તા' આલ્બમથી કરી છે. નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ' આ વર્ષના અંતમાં રિલીઝ થયા પછી રહેમાન ફરી ચર્ચામાં આવશે. આ ફિલ્મમાં રહેમાન દિગ્ગજ સંગીતકાર હંસ ઝિમ્મર સાથે કામ કરી રહ્યા છે. એ.આર. રહેમાનનું કહેવું છે કે તેમની પાસે કામ ઓછું આવી રહ્યું છે, જેનું કારણ તેમણે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને જણાવ્યું છે. તેમણે છેલ્લા આઠ વર્ષોમાં હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની અંદર થયેલા સત્તા પરિવર્તન અને સાંપ્રદાયિક ભાવનાને જવાબદાર ગણાવી છે. જો કે, આ બાબત સીધી રીતે તેમની સામે નથી આવી, પરંતુ તેઓ આવી અફવાઓ સાંભળતા રહે છે. તેમણે જેમાં સંગીત આપ્યું હતું તે છાવા ફિલ્મને તેમણે વિભાજનકારી ગણાવી છે. આમ છતાં આ ફિલ્મમાં સંગીત કેમ આપ્યું એમ પૂછવામાં આવતા કહ્યું કે આ ફિલ્મમાં તેમનું સંગીત જરૂરી છે.

ટાઇગર ગ્લોબલના ફ્લિપકાર્ટ સોદા પર ભારતમાં ટેક્સ લાગશે

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો રદ કર્યો; ભારત-મોરેશિયસ ટેક્સ સંધિના લાભો મેળવવાનો દાવો નકાર્યો

ટેક્સ ટાળવા માટે મોરેશ્યસનો માર્ગ અપનાવવામાં આવ્યો હોવાનું જણાઇ આવ્યું છે

કેન્દ્ર સરકારનો વિજય, મોરેશ્યસ રૂટથી રોકાણ કરતા રોકાણકારોમાં ચિંતા

નવી દિલ્હી, તા. ૧૬: સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચુકાદો આપ્યો હતો કે અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ કંપની ટાઈગર ગ્લોબલ દ્વારા 2018માં ફ્લિપકાર્ટમાં તેના 1.6 અબજ ડોલરના હિસ્સાના વોલમાર્ટને કરવામાં આવેલા વેચાણથી ઉદભવેલ કેપિટલ ગેઇન (મૂડી નફો) ભારતમાં કરપાત્ર છે. એક મહત્વપૂર્ણ ચુકાદામાં કેન્દ્ર સરકારને મળેલી આ એક મોટી જીત છે, જે સરહદ પારના રોકાણો અને સંધિ-આધારિત ટેક્સ પ્લાનિંગના ભવિષ્યને નિર્ધારિત કરશે.

ટાઈગર ગ્લોબલની તરફેણ કરતા દિલ્હી હાઈકોર્ટના 2024ના ચુકાદાને રદ કરતા, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે ઠરાવ્યું હતું કે આ વ્યવહારનું માળખું અસ્વીકાર્ય ટેક્સ ટાળવાની ગોઠવણ તરીકે તૈયાર કરવામાં આવ્યું હતું અને આ પેઢીની મોરેશિયસ સ્થિત સંસ્થાઓ ભારત-મોરેશિયસ ડબલ ટેક્સેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ (DTAA) હેઠળ કેપિટલ ગેઇન્સ ટેક્સમાં મુક્તિનો દાવો કરી શકે નહીં. વિદેશી રોકાણકારો આ ચુકાદા પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે કારણ કે તે સ્પષ્ટ કરે છે કે ભારતીય ટેક્સ સત્તાવાળાઓ કેવી રીતે એન્ટી-એવોઇડન્સ સિદ્ધાંતો લાગુ કરી શકે છે.

સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી ભારતમાં મોરેશ્યસના માર્ગ રોકાણ કરતા વિદેશી રોકાણકારોમાં ચિંતા ફેલાઈ છે. કેટલાક વકીલોએ જણાવ્યું હતું કે તેઓ યુરોપ અને અમેરિકાના ચિંતિત રોકાણકારોના ફોન અત્યારથી જ રિસીવ કરી રહ્યા છે, કારણ કે રોકાણકારો આ સીમાચિહ્નરૂપ 152 પાનાના ચુકાદાનો અર્થ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જૂના કેસો નહીં ખોલવામાં આવે: સીબીડીટીની ખાતરી

ટાઈગર ગ્લોબલ કેસમાં સુપ્રીમ કોર્ટે આવકવેરા વિભાગની તરફેણમાં ચુકાદો આપ્યા બાદ, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT)એ ખાતરી આપી છે કે ભૂતકાળના કેસો ફરીથી ખોલવામાં આવશે નહીં. આ સ્પષ્ટતાનો હેતુ રોકાણકારો અને જે સંસ્થાઓમાં રોકાણ થયું છે તેમની ચિંતા દૂર કરવાનો છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી એવી આશંકા સેવાઈ રહી હતી કે મોરેશિયસ, સિંગાપોર અથવા તેવા જ અન્ય અધિકારક્ષેત્રો (jurisdictions) દ્વારા કરવામાં આવેલા જૂના સોદાઓ, જેમાં IPO (ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ્સ) અને M&As (મર્જર અને એક્વિઝિશન) નો પણ સમાવેશ થાય છે, તેની તપાસમાં વધારો થઈ શકે છે.

અમેરિકા, તાઈવાને ૨૫૦ અબજ ડોલરનો વેપાર કરાર કર્યો

હોંગકોંગ, તા. ૧૬(એપી): અમેરિકા અને તાઈવાન વચ્ચે ગુરુવારે એક વેપાર સમજૂતી થઈ છે, જે અંતર્ગત અમેરિકી ટેક ઉદ્યોગમાં ૨૫૦ બિલિયન ડોલરના નવા રોકાણના બદલામાં તાઈવાની માલસામાન પરના ટેરિફમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વેપાર અસંતુલનને દૂર કરવા માટે ગત એપ્રિલમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરેલી વ્યાપક ટેરિફ યોજના બાદ તેમણે કરેલી આ લેટેસ્ટ સમજૂતી છે, જેમાં યુરોપિયન યુનિયન અને જાપાન સાથેના કરારોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર ચીન સાથેના સંબંધોને સ્થિર કરવા માટે ટ્રમ્પે એક વર્ષનો વેપાર યુદ્ધ વિરામ (ટ્રેડ ટ્રુસ) પણ કર્યો છે.

ટોક્યોમાં પાવર આઉટેજથી રેલવે વ્યવહાર ઠપ્પ

૬.૭ લાખ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા

મેન્ટેનન્સમાં ખામીને કારણે ૯ કલાક સુધી ટ્રેનો થંભી; મુસાફરો પાટા પર ચાલીને બહાર નીકળવા મજબૂર

ટોક્યો: શુક્રવારે ટોક્યોમાં રેલવે પાવર આઉટેજને કારણે સવારના સમયે મુસાફરી કરતા અંદાજે ૬,૭૩,૦૦૦ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. વિશ્વના સૌથી વ્યસ્ત સ્ટેશનોને જોડતી બે મુખ્ય લાઈનો પર ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. રેલવે ઓપરેટર ઈસ્ટ જાપાન રેલવેના જણાવ્યા અનુસાર, શુક્રવારે યામાનોતે અને કેહિન-તોહોકુ લાઈનો પર ટ્રેનો નવ કલાક સુધી બંધ રહી હતી.

JR Eastએ જણાવ્યું હતું કે, ટોક્યોના તામાચી સ્ટેશન પર રાત્રિ દરમિયાન ચાલેલા મેન્ટેનન્સ કામ બાદ પાવર પુનઃસ્થાપિત કરવામાં નિષ્ફળતા મળતા શુક્રવારે વહેલી સવારે બંને લાઈનો પર વીજ પુરવઠો ખોરવાયો હતો. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સ્ટેશન પાસે ટ્રેક-સાઈડ ઈક્વિપમેન્ટ બોક્સમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

બે સ્ટેશનો વચ્ચે અટવાયેલી કેહિન-તોહોકુ ટ્રેનમાંથી મુસાફરો નીચે ઉતરીને પાટા પર ચાલીને બહાર નીકળતા જોવા મળ્યા હતા.

Muthoot Homefin

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-એનઈ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, 2002 ના નિયમ 8(1) સાથે વાંચતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, નીચેના હસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002 ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHIL) ના અધિકૃત અધિકારી હોવાથી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ દેવાદાર(રો)/ જામીનદાર(રો) ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ પરત કરવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. દેવાદાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ જામીનદાર(રો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે હસ્તાક્ષરકર્તાએ ઉક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાતી ઉક્ત એક્ટની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવધ કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈ વહેવાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વહેવાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. ના અહીં નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, એક્ટની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

ક્રમ નં.	દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો) ના નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા	સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત	માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ
1.	સાગરભાઈ રમેશભાઈ પાટીલ/ મીનાબેન રમેશભાઈ પાટીલ/ 004-00000788/ સુરત	સ્થાવર મિલકત, પ્લોટ નં. 231 ના પરિસરમાં બુકિંગ પ્લાન મુજબ જેનું માપ 55.93 ચો.મી. અને પ્લોટ માર્જિન જેનું માપ 10.95 ચો.મી., કુલ માપ 66.88 ચો.મી. એટલે કે 80.00 ચો.વાર., (KJP મુજબ માપ 55.93 ચો.મી. એટલે કે 66.90 ચો.વાર.) તે સાથે C.O.P. માં અવિભાજ્ય હિસ્સો જેનું માપ 8.57 ચો.મી. અને રોડ માર્જિન જેનું માપ 16.83 ચો.મી., "જોલવા રેસીડેન્સી", જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-જિલ્લો અને તાલુકોઃ પલસાણા, મોજે ગામ જોલવા, રેવન્યુ સર્વે નં. 182, બ્લોક નં. 223 બિનખેતી જમીન પૈકી આવેલી જમીન પર વિકસાવેલ છે. જેની પૂર્વમાં- સોસાયટીનો રોડ, પશ્ચિમમાં- પ્લોટ નં. 230, ઉત્તરમાં- સોસાયટીનો રોડ, દક્ષિણમાં- પ્લોટ નં. 232.	25-ઓક્ટો-2025/ રૂ. 16,13,252/- (રૂપિયા સોળ લાખ તેર હજાર બસો બાવન પુરા)	12-Jan-2026
2.	જશુબેન રજનીકાંત પરમાર/ મયુરભાઈ રજનીકાંત પરમાર/ 004-00402020/ સુરત	સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા ધરાવતો પ્લોટ નં. 200 જેનું માપ 53.38 ચો.વાર એટલે કે 44.65 ચો.મી., તે સાથે "વિશ્વાસ રેસીડેન્સી" માં રોડ અને C.O.P. ની જમીનનો અવિભાજ્ય હિસ્સો, જે બ્લોક નં. 322 જેનું માપ 34366 ચો.મી., મોજે ગામ કુવરદા, તાઃ માંગરોળ, જિઃ સુરત ખાતે આવેલ છે. જેની ઉત્તરેઃ પ્લોટ નં. 199, દક્ષિણેઃ પ્લોટ નં. 201, પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ પ્લોટ નં. 255.	25-ઓક્ટો-2025/ રૂ. 4,29,264/- (રૂપિયા ચાર લાખ ઓગણત્રીસ હજાર બસો ચોસઠ પુરા)	12-Jan-2026
3.	દિલબહાદુર રીખોરામ કુંવર/ ભીષ્મુ દિલબહાદુર કુંવર/ 004-00402980/ સુરત	સ્થાવર મિલકત ફ્લેટ નં. 101 ના પરિસરમાં જેનું માપ 368 ચો.ફૂટ, તે સાથે જમીનનો પ્રમાણસર અવિભાજ્ય હિસ્સો, પ્રથમ માળ, "રાજ પેલેસ", જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-જિલ્લો અને તાલુકોઃ પલસાણા, મોજેઃ ગામ તાતીથૈયા, બ્લોક નં. 2, 4, 5, 11-A, 12, 13-A, 14, 15, 16, 39, 40-A, 41, 42, 43, 157, 323-A, 325, 326 ના એકત્રીકરણ પછી બ્લોક નં. 2 બિનખેતી જમીન પૈકી "સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી- 2" તરીકે વિકસાવેલ પૈકી પ્લોટ નં. 226 અને 227 જેનું માપ 139.40 ચો.મી. પૈકી આવેલ છે.	25-ઓક્ટો-2025/ રૂ. 4,14,955/- (રૂપિયા ચાર લાખ ચૌદ હજાર નવસો પંચાવન પુરા)	12-Jan-2026
4.	સુરેશસિંહ લાલસિંહ વિશ્વકર્મા/ સંગીતા સુરેશસિંહ વિશ્વકર્મા/ 004-00404441/ સુરત	સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ફ્લેટ નં. 106, પ્રથમ માળે, જેનું બિલ્ટ અપ એરિયા માપ 231 ચો.ફૂટ એટલે કે 21.46 ચો.મી., તે સાથે "સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2 ના સ્વસ્તિક રેસીડેન્સી" ની જમીનનો અવિભાજ્ય હિસ્સો, જે જુના બ્લોક નં. 2, 4, 5, 11-A, 12, 13-A, 14, 15, 16, 39, 40-A, 41, 42, 43, 157, 323-A, 324, 326, અ